પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૮૯ | ૮ જુન, ૨૦૨૩, ગુરુવાર; જેઠ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ખરીફ પાકોની એમએસપીમાં વધારો

**કેન્દ્રીય કેબિનેટની ચોમાસાના આગમન પહેલાં ખેડૂતોને મોટી ભેટ : ડાંગરની એમએસપીમાં પ્રતિ ક્વિન્ટલ ૧૪૩ રૂપિયાનો વધારો : તુવર દાળની એમએસપીમાં ૪૦૦ રુપિયા પ્રતિ ક્વિન્ટલ, અડદની દાળમાં પ્રતિ ક્વિન્ટલ ૩૫૦નો વધારો, ખેડૂતોને વર્ષે ૬૦૦૦ને બદલે ૧૦૦૦૦ મળશે**



નવી દિલ્હી, તા.૭

કેન્દ્ર સરકારે ચોમાસાના આગમન પહેલા ખેડૂતોને મોટી ભેટ આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે ડાંગર સહિત અનેક પાકોની એમએસપીમાં વધારો કર્યો છે. આ બાબતે મળતી માહિતી મુજબ ડાંગરની એમએસપીમાં ૧૪૩ રૂપિયા પ્રતિ ક્વિન્ટલના દરે વધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત તુવેર અને અડદની દાળના લઘુત્તમ ટેકાના ભાવમાં પણ નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. સરકાર તરફથી આ જાહેરાત થતા જ ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો હતો. ખેડૂતોએ કેન્દ્ર સરકારના આ પગલાની પ્રશંસા કરી છે. આ સાથે કેબિનેટમાં બેઠકમાં મોદી સરકારે ડાંગર સાથે સાથે અન્ય પાકોમાં નોંધપાત્ર વધારો કરવાની મંજુરી આપી દીધી છે. ખાસ વાત તો એ છે કે ખરીફ પાકોની એમએસપીમાં ૩થી૬ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. તુવર દાળની એમએસપીમાં ૪૦૦ રુપિયા પ્રતિ ક્વિન્ટલ પ્રમાણે વધારો કરવામાં આવ્યો છે. આ રીતે તુવરદાળનો ભાવ વધીને ૭૦૦૦ રુપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગયો છે. જ્યારે અડદની દાળ વિશે

● અનુસંધાન પાન-૭ પર

## વૈશ્વિક વિકાસ દર ૨૦૨૩માં ઘટીને ૨.૧ ટકા થશે : વર્લ્ડ બેંક

**૨૦૨૩-૨૪ માટે ભારતના વિકાસ દરનું અનુમાન ૬.૩ ટકા કર્યું : વૈશ્વિક આર્થિક સંભાવનાઓ પરના અહેવાલમાં અનુમાન : જાન્યુ.માં લગાવયેલા અંદાજ કરતાં આ ૦.૩ ટકા પોઈન્ટ ઓછું**

વોશિંગ્ટન, તા.૭

વર્લ્ડ બેંકે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ભારતના આર્થિક વિકાસ દરનું અનુમાન ઘટાડીને ૬.૩ ટકા કર્યું છે. આ વર્લ્ડ બેંક દ્વારા જાન્યુઆરીમાં લગાવયેલા અંદાજ કરતાં આ ૦.૩ ટકા પોઈન્ટ ઓછું છે. વર્લ્ડ બેંકે કહ્યું કે ભારતમાં ખાનગી વપરાશ અને રોકાણમાં અનપેક્ષિત હિલચાલ જોવા મળી રહ્યો છે. સેવાઓની વૃદ્ધિ પણ મજબૂત છે. વર્લ્ડ બેંકે વૈશ્વિક આર્થિક સંભાવનાઓ પરના તેના નવા અહેવાલમાં આ અનુમાન વ્યક્ત કર્યું છે. એવું કહેવામાં આવ્યું છે કે વૈશ્વિક વિકાસ દર ૨૦૨૩માં ઘટીને ૨.૧ ટકા થઈ જશે, જે ૨૦૨૨માં ૩.૧ ટકા હતો. ચીન સિવાયના ઉભરતા બજારો અને વિકાસશીલ અર્થતંત્રો (ઈએમડીઈએસ)માં વૃદ્ધિ દર ગયા વર્ષના ૪.૧ ટકાથી આ વર્ષે ધીમો પડીને ૨.૯ ટકા રહેવાનો અંદાજ છે. તે વિકાસ દરમાં જંગી ઘટાડો દર્શાવે છે. વર્લ્ડ બેંકે કહ્યું, "ભારતનો વિકાસ દર નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં વધુ ધીમો પડીને ૬.૩ ટકા રહેવાની ધારણા છે. તે જાન્યુઆરીના અંદાજ કરતાં ૦.૩ ટકા પોઈન્ટ ઓછું છે. વર્લ્ડ બેંક ગ્રૂપના નવનિયુક્ત પ્રમુખ અજય બંગાએ જણાવ્યું હતું કે, "રોજગાર એ ગરીબી ઘટાડવા અને સમૃદ્ધિ ફેલાવવાનો સૌથી અસરદાર માર્ગ છે. ધીમો વિકાસ દર એટલે કે નોકરીઓનું સર્જન કરવું પણ મુશ્કેલ બનશે. આ સાથે તેમણે કહ્યું કે નોંધનીય છે કે વૃદ્ધિ દરના અંદાજો 'નિયતિ' નથી.




અમારી પાસે આને બદલવાની તક છે, પરંતુ તેના માટે આપણે બધાએ સાથે મળીને કામ કરવું પડશે. ભારતીય મૂળના અજય બંગાએ શુક્રવારે જ વિશ્વ બેંકના પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. વિશ્વ બેંકના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ધીમા વૃદ્ધિ દરનું કારણ ઉચ્ચ ફુગાવો અને વધતા જતા દેવાને લીધે અંગત વપરાશ પર અસર થવી છે.

## બીએસએનએલ માટે રિવાઈવલ પેકેજને મંજૂરી

**૮૯,૦૦૦ કરોડ રૂપિયાના પેકેજને કેબિનેટની મંજૂરી**

નવી દિલ્હી, તા.૭

કેન્દ્રીય કેબિનેટે આજે ભારત સંચાર નિગમ લિમિટેડ (બીએસએનએલ) માટે ૮૯,૦૦૦ કરોડ રૂપિયાના રિવાઈવલ પેકેજને મંજૂરી આપી છે. પેકેજનો ઉપયોગ બીએસએનએલની ૪જીઅને ૫જીસેવાઓને વધારવા માટે કરવામાં આવશે. સુત્રોના જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકાર માને છે કે ટેલિકોમમાં સરકારી પીએસયુતેના વ્યૂહાત્મક મહત્વને કારણે વિકાસ પામવું જોઈએ.

કેન્દ્ર દ્વારા જાહેર કરવામાં આવેલ બીએસએનએલમાટે આ પહેલું

● અનુસંધાન પાન-૭ પર

## લખનઉ કોર્ટમાં ગેંગસ્ટર સંજીવ જીવાની ગોળી મારીને હત્યા

**લખનઉમાં કોર્ટ પરિસરમાં જ ફાયરિંગ : હત્યારાઓ વકીલનો ડ્રેસ પહેરીને આવ્યા હતા અને તેઓએ કચેરીમાં ઘૂસીને ઘટનાને અંજામ આપ્યો, હત્યારા ઝડપાયા**

લખનઉ, તા.૭

ઉત્તર પ્રદેશની રાજધાનીમાં લખનઉ કોર્ટ પરિસરમાં ધડાધડ ફાયરિંગ થયાની ઘટના સામે આવી છે, જેમાં ગેંગસ્ટર સંજીવ જીવાનું ધોળે દિવસે મોત થયું છે. ઉપરાંત એક બાળકીને પણ ગોળી વાગી છે. લખનઉના વજીરગંજ પોલીસ સ્ટેશનમાં મુખ્તાર અંસારીના નજીકના ગેંગસ્ટરની ગોળી મારીને હત્યા કરવાની ઘટના સામે આવી છે. હત્યારાઓ વકીલનો ડ્રેસ પહેરીને આવ્યા હતા અને તેઓએ કચેરીમાં ઘૂસીને ઘટનાને અંજામ આપ્યો છે. પ્રયાગરાજ હત્યાકાંડના લગભગ ૪ મહિના બાદ આ હત્યાકાંડથી ખળભળાટ મચ્યો છે.

વકીલોના ડ્રેશમાં આવેલા હત્યારાઓને પોલીસે પકડીને કેસરબાગ પોલીસ સ્ટેશન લઈ ગઈ છે. ઈજાગ્રસ્ત બાળકીને હોસ્પિટલ લઈ જવાઈ છે, જ્યાં

● અનુસંધાન પાન-૭ પર

## મણિપુરમાં ભીડે એમ્બ્યુલન્સને આગ ચાંપતા ત્રણનાં મોત થયા

**બાળકને માથામાં વાગ્યું હતું અને તેની માતા અને સંબંધી તેને ઈમ્ફાલની હોસ્પિટલમાં લઈ જઈ રહ્યા હતા ત્યારે ઘટના બની**

ઈમ્ફાલ, તા.૭

મણિપુરમાં હજુ સ્થિતિ સામાન્ય થઈ નથી. પશ્ચિમ ઈમ્ફાલ જિલ્લામાં લોકોની ભીડે રસ્તામાં એમ્બ્યુલન્સ અટકાવીને તેને આગ ચાંપી દીધી હતી. જેમાં એક આઠ વર્ષનો છોકરો, તેની માતા અને તેમાં સવાર અન્ય એક સંબંધીનું મૃત્યુ થયું હતું.



અધિકારીએ જણાવ્યું કે આ ઘટના રવિવારે સાંજે ઈરોઈસેમ્બામાં બની હતી. તેમણે કહ્યું કે ગોળીબારની ઘટના દરમિયાન બાળકને માથામાં વાગ્યું હતું અને તેની માતા અને એક સંબંધી તેને ઈમ્ફાલની હોસ્પિટલમાં લઈ જઈ રહ્યા હતા. અધિકારીના જણાવ્યા અનુસાર ટોળાના હુમલામાં માર્યા ગયેલા ત્રણ લોકોની ઓળખ તોન્સિંગ હેંગિંગ (૮), તેની માતા મીના હેંગિંગ (૪૫) અને સંબંધી લિડિયા લોરેમ્બમ (૩૭) તરીકે થઈ છે.

આસામ રાઈફલ્સના એક વરિષ્ઠ અધિકારીએ ઘટનાની પુષ્ટિ કરી અને કહ્યું કે ઘટનાસ્થળ અને આસપાસ સુરક્ષા વધારી દેવામાં આવી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે આદિવાસીનો પુત્ર તોન્સિંગ અને મૈતેઈ જાતિની તેની માતા કંગચુપમાં આસામ રાઈફલ્સના રાહત શિબિરમાં રહેતા હતા. ૪ જૂને સાંજે આ વિસ્તારમાં ગોળીબાર શરૂ થયો હતો અને બાળકને કેમ્પમાં હોવા છતાં ગોળી વાગી હતી.

## જબલપુર રેલ વિભાગમાં બે માલગાડી પાટા પરથી ખડી પડી

જબલપુર, તા.૭

ઓડિશાના બાલાસોરમાં ટ્રેન દુર્ઘટના સર્જાયા બાદ હવે મધ્યપ્રદેશના જબલપુર રેલવે વિભાગમાં વધુ બે ટ્રેન દુર્ઘટનાઓ સર્જાઈ હતી. ૬ જૂનની રાતે લગભગ ૭ વાગ્યે ૩૦ મિનિટ પર રેલવે યાર્ડમાં એક માલગાડીના બે ડબા પાટા પરથી ખડી પડ્યા હતા.

આ ઘટનાના ઠીક ચાર કલાક બાદ એટલે કે રાતે ૧૦ વાગ્યે ૩૦ મિનિટ પર ભેડાઘાટની નજીક ભિટોનીમાં ગેસથી ભરેલી માલગાડીનું વેગન પાટા પરથી ઊતરી ગયું હતું. એક દિવસમાં બે મોટી રેલવે દુર્ઘટનાઓ બાદ રેલવે વિભાગમાં ફરી હડકંપ મચી ગઈ. દુર્ઘટના બાદ અધિકારીઓ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

જોકે માહિતી અનુસાર બંને ઘટનાઓમાં કોઈ જાનહાનિ થઈ નથી.

## યુએસ કોંગ્રેસની સંયુક્ત બેઠકમાં સંબોધન કરનારા મોદી ભારતના પ્રથમ વડાપ્રધાન

**વડાપ્રધાન જૂન મહિનાના અંતે અમેરિકા જશે : રાષ્ટ્રપતિ જો બાયડેન ૨૨ જૂને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકીની સત્તાવાર રાજકીય યાત્રાની મેજબાની કરશે**

નવી દિલ્હી, તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ મહિનાના અંતે અમેરિકાના પ્રવાસે જવાના છે. આ દરમિયાન તેઓ અમેરિકન સંસદમાં સંબોધન કરવાના છે. આ આમંત્રણ બદલ પીએમમોદીએ અમેરિકી પ્રતિનિધિ સભાના અધ્યક્ષ કેવિન મૈક્કાર્થી, સીનેટમાં બહુમતીના નેતા ચક શૂમર, સીનેટ રિપબ્લિક નેતા મિચ મૈકકૉનેલ અને પ્રતિનિધિ સભાના ડેમોક્રેટિક નેતા હકીમ જેફરીઝને આભાર વ્યક્ત કર્યો હતો અને ટ્વિટ કરીને કહ્યું હતું કે, ભારતને અમેરિકા સાથેની તેની વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી પર ગર્વ છે, જે સહિયારા લોકતાંત્રિક મૂલ્યો, લોકો વચ્ચેના મજબૂત સંબંધો અને વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિ માટે અતૂટ પ્રતિબદ્ધતાના પાયા પર બનેલ છે.

પીએમમોદી ૨૨ જૂને



અમેરિકી કોંગ્રેસના સંયુક્ત સત્રમાં સંબોધન કરશે. અમેરિકી કોંગ્રેસના ટોચના નેતાઓએ શુક્રવારે જાહેરાત કરી હતી કે, પીએમમોદી ભારતના ભવિષ્ય અંગે પોતાના વિચારો રજુ કરશે અને બંને દેશો સમક્ષ વર્તમાન વૈશ્વિક પડકારો પર સંબોધન કરશે. રાષ્ટ્રપતિ જો બાયડેન ૨૨ જૂને વડાપ્રધાન મોદીની અમેરિકીની સત્તાવાર રાજકીય યાત્રાની મેજબાની કરશે. ત્યારબાદ તેઓ રાજકીય રાત્રિભોજનમાં સામેલ થશે.

અમેરિકી કોંગ્રેસ નેતાઓએ એક નિવેદન કહ્યું હતું કે, અમેરિકી પ્રતિનિધિ સભા અને અમેરિકી સેનેટના દ્વિપક્ષીય નેતૃત્વ તરફથી આપને (પ્રધાનમંત્રી મોદીને) ૨૨ જૂન ગુરુવારે કોંગ્રેસની સંયુક્ત બેઠકને સંબોધિત કરવા માટે આમંત્રિત કરવા એ અમારા માટે સન્માનની વાત છે. જૂન ૨૦૧૬ બાદ વડાપ્રધાન મોદી બીજી વખત અમેરિકી કોંગ્રેસની સંયુક્ત બેઠકમાં સંબોધન કરશે. આ સાથે જ પીએમમોદી આ બેઠકમાં બીજી વખત સંબોધન કરનારા પ્રથમ વડાપ્રધાન બનશે.

અશ્રુભીની શ્રદ્ધાંજલિ | ભાવભીની સ્મરણાંજલિ



સ્વ. બહાદુરસિંહ નારુભા સરવૈયા
અવસાન તા. ૩૧/૫/૨૦૨૩ (USA)

પ્રિય બહાદુરભાઈ,
તારી પ્રેમાળ અને મધુર યાદોના દરવાજા ક્યારેય બંધ નહી થાય.

ભારતી સરવૈયા (પત્ની)
રૈના (પુત્રી)
એડમ
જેક્સન

જયરાજસિંહ સરવૈયા (ભાઈ)
આશાબા સરવૈયા (ભાભી)

યશુબેન ગોહિલ (બેન)

પ્રદીપસિંહ - હિના - ઈલેષા - દિલીપસિંહ - સુરીલ - હેતલ - શિવાલીબા - સત્યજીતસિંહ - રાઘવી